**કુટુંબ પેન્શન યોજના- ૧૯૭૨**

" કુટુંબ''ની વ્યાખ્યામાં " માતા-પિતા ''નો સમાવેશ કરવા અને આવક મર્યાદા નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ નવત/૨૦૦૧/ડી-૪૯૬/પી.
સચિવાલય, ગાંધીનગર.
**તારીખઃ ૧૯/૮/૨૦૦૨.**

**વંચાણે લીધા :-**

(૧) નાણા વિભાગનો તાઃ ૨૦-૧-૧૯૯૮ નો ઠરાવ ક્રમાંકઃ પીજીઆર/૧૦૯૮/૭/મ,
(૨) ભારત સરકારના તાઃ ૫-૩-૯૮ નો ઓફિસ મેમોરેન્ડમ નં:૪૫/૫૧/૯૭/પી. એન્ડ પી.ડબલ્યુ (ઇ)
(૩) ભારત સરકારનો તાઃ૨૧-૭-૯૯ નો ઓફિસ મેમોરેન્ડમ નં:૪૫/૫૧/૯૭/પી.એન્ડ પી.ડબલ્યુ (ઇ)
(૪) નાણા વિભાગનો તાઃ ૧૯-૪-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક : ૫૫ફ/૧૦૯૯/ ભા.સ-૧/૫,
(૫) નાણા વિભાગનો તાઃ ૧-૧૧-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક : ૫૫ફ/૧૦૯૯/ભા.સ-૨/૫,

**પ્રસ્તાવના :-**

નાણા વિભાગના ઉપર આમુખ-૧ માં જણાવેલ ઠરાવોના તાઃ ૨૦-૧-૧૯૯૮ના પેરા- ૬ (A) માં કુટુંબ પેન્શન યોજના- ૧૯૭૨ અન્વયે " કુટુંબની '' વ્યાખ્યામાં "માતા-પિતા''નો સમાવેશ કરવામાં આવેલ છે. જે અન્વયે સરકારી કર્મચારી જ્યારે જીવતા હોય ત્યારે તેની ઉપર સંપુર્ણ આધારિત હોય તેવા મા-બાપનો કુટુંબ પેન્શન યોજના અન્વયે " કુટુંબની '' વ્યાખ્યામાં સમાવેશ કરવા અંગેના હુકમો કરવામાં આવેલ છે. પરંતુ આવા મા- બાપની આધારિતતા અને આવક મર્યાદા નક્કી કરવા અંગેના હુકમો અલાયદા કરવામાં આવશે તેવું તે સમયે ઠરાવવામાં આવેલ છે.

.. ૨..

૨. આ બાબતમાં સરકારશ્રીએ કાળજીપુર્વકની વિચારણાને અંતે, ઉપર આમુખ-(૨) અને (૩) આગળ જણાવેલ ભારત સરકારના ઠરાવોને વંચાણે લઇને નીચે જણાવેલ શરતોને આધિત રહીને, કુટુંબ પેન્શન યોજના, ૧૯૭૨, અન્વયે "કુટુંબની'' વ્યાખ્યામાં "માતા-પિતા''નો સમાવેશ કરીને તેમને કુટુંબ પેન્શન આપવાનું ઠરાવેલ છે.

(૧) કર્મચારીના અવસાન સમયે માતા-પિતા સંપુર્ણપણે મૃત કર્મચારીના ઉપર આધારિત હોવાં જોઇએ.

(૨) તેમની માસિક આવક રૂા. ૨૫૫૦/- થી વધતી ન હોવી જોઇએ. આ અંગેનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવીને પ્રથમ વખત તેમજ દર વર્ષે રજુ કરવાનું રહેશે.

(૩) મૃત કર્મચારીના અવસાન સમયે તેની પત્ની કે બાળકો હયાત ન હોવાં જોઇએ. એટલે કે કર્મચારીના અવસાન સમયે જો તેમની પત્ની કે બાળકો ન હોય તો જ તેના માતા-પિતાને કુટુંબ પેન્શન મળવાપાત્ર થશે.

(૪) આ રીતે જે કિસ્સાઓમાં માતા-પિતાને કુટુંબ પેન્શન મળવાપાત્ર થશે, તેમને કર્મચારીના પગારના ૩૦ ટકા અથવા લઘુત્તમ રૂા. ૧૨૭૫ બેમાંથી જે વધુ હોય તે મળવાપાત્ર થશે.

(૫) તાઃ ૧-૧-૯૮ પહેલાં અવસાન પામનાર કર્મચારીઓના કિસ્સાઓમાં પણ જો માતા-પિતાને કુટુંબ પેન્શન મળવાપાત્ર હોય તો તેમને પણ તાઃ ૧-૧-૯૮ની અસરથી મળવાપાત્ર થશે.

(૬) પેન્શન મંજુર કરનાર સક્ષમ સત્તાધિકારીએ, કર્મચારી જયારે હયાત હતા ત્યારે માતા-પિતા અવસાન પામનાર કર્મચારી ઉપર સંપુર્ણપણે આધારિત હતા અને અન્ય કોઇ હકકદાર લાભાર્થી કુટુંબ પેન્શન મેળવવાપાત્ર નથી, તેની પુરતી ખરાઇ કરવાની રહેશે.

.. ૩ ..

(૭) માતા-પિતાને કુટુંબ પેન્શન મળવાપાત્ર થતું હશે તેવા કિસ્સાઓમાં <u>પ્રથમ માતાને અને તેણીના અવસાન બાદ પિતાને કુટુંબ પેન્શન મળશે.</u>

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શામજી પટેલ,
સરકારના સંયુકત સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

* રાજયપાલશ્રીના સચિવશ્રી,
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવ
ગુજરાત વિધાનસભા, ગાંધીનગરના વિરોધપક્ષના નેતાના અંગત સચિવ
સચિવાલયના તમામ વિભાગો

* સચિવ, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

* સચિવ, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

* સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ

* રજીસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

* સચિવ, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
તમામ ખાતાના વડા
તમામ કચેરીઓના વડા
તમામ કલેકટરશ્રીઓ
તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ
એકાઉન્ટન્ટ જનરલ (હિસાબ અને તકેદારી) ગુજરાત પો. બો. નંઃ ૨૨૦,રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ)-૧ ગુજરાત બહુમાળી મકાન ! સી ! બ્લોક , લાલ દરવાજા, અમદાવાદ

એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ-૨) ગુજરાત પો. બો. નંઃ ૨૭, રાજકોટ,
હિસાબ અને તિજોરી નિયામક, ગાંધીનગર
પેન્શન અને પ્રો. ફંડ નિયામક, ગાંધીનગર
તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ
તમામ મદદનીશ નિરીક્ષકો (સ્થાનિક નિધિ હિસાબ)
પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર /નર્મદા/ વડોદરા
સ્થાનિક ઓડીટ અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર
તમામ નિગમો,બોર્ડ/ યુનિવર્સિટીઓ
નાણા વિભાગના તમામ અધિકારીઓ
નાણા શાખાઓ સહીત, નાણા વિભાગની તમામ શાખાઓ
<u>પસંદગી ફાઈલ !! પી !! શાખા.</u>
* પત્ર ધ્વારા